# -: મસ્જિદ :-

મસ્જિદ એક અરબી લફ્ઝ છે જેની બુનિયાદ તેના અસલ "સજદા-યસ્જોદો" પર છે યાઅની કે તે જગા જ્યાં સજદો દેવામાં આવે. મસ્જિદ એવી એક મુકદ્દસ અને પાક જગા છે જ્યાં અલ્લાહનું હર વક્ત નૂર નાઝિલ થાય છે અને ફરિશ્તાઓનો ગુઝર થાય છે, અપની ઝબાનમાં કહીએ તો મસ્જિદ અલ્લાહનું ઘર છે. ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) ફરમાવે છે કે, "ખુદાતઆલા તે શખ્સથી ઘણો ખુશ થાય છે જે ઈબાદતને પોતાનો અમલે ખુસૂસી બનાવે છે અને મસ્જિદને પોતાનું ઘર સમઝે છે." અલ્લાહતઆલા કુરઆને કરીમમાં ફરમાવે છે કે, **"ખોઝૂ ઝીનતકુમ ઇન્દા કુલ્લે મસ્જિદિન"**, અય ઈમાનદારો, તમે મસ્જિદની ઝીનતમાં ઈઝાફો કરો. મસ્જિદની ઝીનત બે તરહની છે; એક એની ઈમારત અને એના મિમ્બરો મેહરાબ, એની આરાઈશ, ફરશ, એની ચરાગઁ અને શમાદાન. આ તમામ ચીઝો મસ્જિદને બેહતર તૌર પર સઁવારીને ઈબાદત વાસ્તે મોહય્યા કરવી છે. અને આ સિલસિલામાં અહલે બૈત (અ.સ.) થી રિવાયત વારિદ થયેલી છે કે, **"કતાત પરિન્દાની બેઠકની મિકદાર મુજબ કોઇ મસ્જિદ વાસ્તે ખિદમત કરે તો અલ્લાહતઆલા તેને જન્નતમાં ઘર બનાવી આપે."** મસ્જિદની અંદરની ઝીનત ખાસ તૌર પર નમાઝીઓથી થાય છે. મસ્જિદ ગમે એટલી કુશાદા અને આબો તાબ વાલી હોય પણ તેમાં કોઈ નમાઝી ન હોય તો તે મસ્જિદ અલ્લાહથી પોતાની વિરાની ની શિકાયત કરે છે.

**રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) આ જહાનમાં દીને ઇસ્લામની શરીઅત લઇને પધારા તો મસ્જિદ, મિનારા, મેહરાબ, મિમ્બર, મસલ્લા અને મદ્રસાનો વુજૂદ થયો.** આ પહેલા અલ્લાહની બંદગીના મકામોને "માઅબદ" યાઅની ઈબાદતગાહ કહેવાતી હતી. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ઝમાનામાં અને આપના ઈન્તેકાલને વક્ત મદીનામાં આપે અનેક મસ્જિદો તાઅમીર કીધી અને તે બાદના વક્તમાં મસ્જિદ નો તસવ્વુર અને એનો ઈસ્તેઅમાલ મઝીદ થાતો ગયો. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ઈન્તેકાલ પુર મલાલ બાદના વક્તથી લઈને ઈમામ મહેદી (અ.સ.) ના ઝુહૂર તક હક્કના ઈમામોની રૂહાની સલ્તનત જારીયા સારીયા રહી અને આ આલે અત્હરના ફાતેમી ઈમામોએ વક્તના તકાઝાને મદ્દે નિગાહ રાખીને તકીયો ઈખ્તિયાર કીધો અને ઝાહિરી સલ્તનતના વાલીઓની હુકમરાનીને બરદાશ્ત કીધી યાઅની કે ૨૯૦ વરસ તક ઈમામે બરહક્કના નામનો કોઈ ખુત્બો પઢાયો ન હતો. અલ્લાહતઆલાએ ઈમામ મહેદી (અ.સ.) ના ઝુહૂરના વુજૂહાત અને અસ્બાબ મોહય્યા કીધા અને આપે શિમાલી (North) આફ્રિકાથી ઝુહૂર ફરમાવો અને ફાતેમી ઈમામોના નામનો ખુત્બો ઈસ્લામી શહેરોમાં પઢાવવા લાગો. યાઅની કે હક્કના હોદાત ઝાહિરી સલ્તનતના મન્સબ પર હોય યા બાતિની રૂહાની ઈમામતના દરજા પર ફાઈઝ હોય, આપ હર હાલતમાં ઈમામે બરહક્ક છે. ઈમામ તૈયબ (અ.સ.) ના મસ્તૂર થાવા બાદ મિસિરમાં અને યમનમાં મજીદી ફિરકાની ફિત્નતના સબબ ઘણી મસ્જિદો હક્કના હોદાતના કબ્ઝામાંથી નીકલી ગઈ હતી અને અહમદાબાદમાં પણ બેવે સૈયદના દાઉદજી સાહબોના ઝમાનામાં ચંદ મસ્જિદો પર બીજા લોગોએ કબ્ઝો કરી લીધો હતો.

**રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) આ જહાનમાં દીને ઈસ્લામની શરીઅત લઈને પધારા તો મસ્જિદ, મિનારા, મેહરાબ, મિમ્બર, મસલ્લા અને મદ્રસાનો વુજૂદ થયો.**

ઝમાનાના દાઈએ આઅઝમ અને હાદીએ અકરમ ઈમામે મસ્તૂરના નાઈબ મનાબ છે જે મસ્જિદના મકીન છે. **મસ્જિદ અલ્લાહની તૌહીદ તરફ દાઅવત દે છે તેમ દાઇએ હક્કનો મકામ અલ્લાહની તૌહીદ તરફ નિદા અને દાઅવત છે.** અપના ઈસ્માઈલી અકીદા મુજબ ઈમામ અને આપની હઝરતમાં આપના હુજ્જત અને બાબ અને આપની સલ્તનતના જઝીરાઓમાં દાઈએ બલાગ તે બાદ માઝૂને મુત્લક અને માઝૂન મેહસૂરના દરજા હોય છે; તે જ મુજબ મસ્જિદોના દરજા છે. કાઅબતુલ્લાહની મસ્જિદ તે ઈમામુલ મસાજિદ છે જેમાં એક નમાઝ પઢવાનો સવાબ ૧ (એક) લાખ નમાઝનો છે જે ઝમાનામાં એક જ ઈમામ તરફ દલાલત કરે છે. મદીનતુલ મુનવ્વરાની મસ્જિદે નબવી જેમાં એક નમાઝ પઢવાનો સવાબ ૧૦,૦૦૦ નમાઝનો છે તે ઈમામના બાબ તરફ દલાલત કરે છે. બૈતુલ મુકદ્દસમાં મસ્જિદે અકસા જેમાં એક નમાઝ પઢવાનો સવાબ ૧,૦૦૦ નમાઝનો છે તે ઈમામના હુજ્જત તરફ દલાલત કરે છે. જામેઅ મસ્જિદ ઈમામના ઝમાનના દુઆતે બલાગ પર દલાલત કરે છે જેમાં એક નમાઝ પઢવાનો સવાબ ૧૦૦ નમાઝનો છે. કબીલા અને બઝારની મસ્જિદ દુઆતે બલાગના ઝૈર માઝૂને મુત્લક અને માઝૂને મેહસૂર તરફ ઈશારો કરે છે જેમાં એક નમાઝ પઢવાનો સવાબ ૨૫ અને ૧૨ છે.

મસ્જિદનો મફહૂમ ફક્ત સજદા અને ઈબાદત વાસ્તે નથી પણ ફાતેમી ઈમામોના ઝમાનામાં મસ્જિદના નામ સાથે **"અલ-જામેઅ"** નો લફ્ઝ જોડવામાં આવતો. તે મુજબ ઈમામ મોઈઝ (અ.સ.) એ બનાવેલી મસ્જિદનું નામ **"અલ-જામેઉલ અઝહર"** થયું, ઈમામ હાકિમ (અ.સ.) એ બનાવેલી મસ્જિદનું નામ **"અલ-જામેઉલ અન્વર"** અને ઈમામ આમિર (અ.સ.) ના ઝમાનની મસ્જિદનું નામ **"અલ-જામેઉલ અકમર"** થયું. તેથી અપની જમાઅતમાં મસ્જિદનો ઈસ્તેઅમાલ વસીઅ પૈમાના પર થાય છે અને ખુસૂસી તૌર પર મુમેનીનની હિદાયતને વાસ્તે મહેફિલો મજલિસ, ઈસ્લામી કલચરના ઈઝહાર વાસ્તે કૌમી ઈજતેમાઅ, તાઅલીમાતે કુરઆનો શરીઅત અને ઈમાની ઈલ્મો ફનની દરસો તદરીસનો એહતેમામ કરવામાં આવે છે. લેહાઝા સાહબે દાઅવતનો કિરદાર આ તમામને અદા કરવામાં મરકઝી અને અહમ રહે છે. એ મસ્જિદ મસ્જિદ કહેવાય જ નહીં જેમાં ઈબાદતે અમલીયાહ સાથે ઈબાદતે ઈલ્મીયાહ ન થાતી હોય. અને આ તમામ ચીઝો રૂહાની ઊમૂરને માતહત થાતી હોય, દાઈયુઝઝમાનની શખ્સીયતનો ખાસ કિરદાર અને આઅલા મકામ હોય છે. અલ્લાહતઆલા હર ઝમાનમાં દાઈયુલ્લાહના વુજૂદની બરકતથી મુમેનીન વાસ્તે ઈસ્લામી મિનારને બલંદ કરે અને મસ્જિદ-બૈતુલ્લાહની હુરમતને સાથે સાથે દાઈયુલ્લાહની અઝમતો એહતેરામ મુખ્લેસીનના કલ્બો ઝમીરમાં કાઈમ રાખે. ★